# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 43-February 2008 **MATRUBHASHA** Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

**અંક નંબર ૪૩ - ફેબ્રુઆરી ૨૦૦૮ માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ**


## સરી જતી જિંદગી



'પ્રાણાયમ ને યોગાસનો કરવાની ઈચ્છા તો ઘણી થાય છે પણ સમય જ મળતો નથી, તેનું શું ?'

'ઘણા સમયથી તમને મળવા આવવાનો વિચાર કરું છું પણ ટાઈમ જ મળતો નથી !'

'આ છોકરાંઓ પાછળ દોડધામ કરવામાં આખો દિવસ ક્યાં જાય છે તેની ખબર જ પડતી નથી !'

આ કે આવું બધું ઘણીવાર સાંભળવા મળે છે.

કોઈ સવારે નાહીને એકાદ બે કલાક પૂજામાં ગાળે છે, સવારસાંજ મંદિરમાં દર્શને જાય છે, રાત્રે આઠ કલાક સૂવા ઉપરાંત બપોરે બે કલાક સૂઈ જાય છે, અને પછી કહે છે મને સમય જ નથી મળતો !

એક તરફ આવા માણસો છે તો બીજી બાજુ એવા પણ છે જે કૌટુંબિક જવાબરીઓ અદા કરવાની સાથે, નિયમિત પ્રાણાયમ કરે છે, યોગાસન કરે છે. કસરત કરે છે કે જિમમાં જાય છે અને સમાજસેવા પણ કરે છે. તેમને જ્યારે પણ હાકલ પાડો ત્યારે મદદ માટે તૈયાર હોય છે. નવું કરવાનું, નવું શીખવાનો તેમનો ઉત્સાહ પણ અજબ હોય છે.

એક રીતે જુઓ તો આ બધા પાસે સમય તો એક સરખો જ છે, એક દિવસના ચોવીસ કલાકવાળા અનેક દિવસોની બનેલી એક જિંદગી. જનમ્યા પછી બાલ્યાવસ્થા, યુવાવસ્થા, ગુહસ્થાશ્રમ, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા અને પછી નિવૃત્તિમાં મૃત્યુની મુલાકાત માટે રાહ જોતાં દિવસો પસાર કરવાના.

માણસ કમાતો હોય, ગૃહસ્થાશ્રમ ચલાવતો હોય, ત્યારે તેને સલાહ આપવામાં આવે છે કે 'ખર્ચનું બજેટ બનાવો,' 'પહેલી તારીખે મળતો પગાર છેલ્લી તારીખ સુધી ચાલે તેવી યોજના કરો,' 'બચત કરો, જેથી અણધારી મુસિબતના સમયે બીજા પાસે હાથ લાંબો ન કરવો પડે,' 'કેટલું કમાઓ છો તે અગત્યનું નથી, કેટલું બચાવો છો તેના પર તમારા ભવિષ્યના સુખસમૃદ્ધિનો આધાર છે. તમે સ્કૂટર કાર, ઘર કે બીજા કોઈપણ પ્રયોજન માટે બેંક પાસે લોન લેવા જશો તો બેંક તમારી આવક પૂછશે પણ વધુ અગત્યનું તમારા જરૂરી ખર્ચા પણ પૂછશે. એક તરફ તમારી આવક લખશે અને બીજી તરફ તમારા ખર્ચા લખશે. એ બેની બાદબાકી કરી તમારી પાસે કેટલી બચત રહે છે અને તે કેટલી લોનના હપ્તા ભરવા માટે પૂરતી છે તેની ગણતરી કરીને તમને કેટલી લોન આપી શકાય તે નક્કી કરશે. હવે સમજાયું ? તમે કેટલું કમાઓ છો તેના કરતાં કેટલું બચાવો છો તે કેમ અગત્યનું છે ? કારણ કે એ બચત પર જ તમારી 'ક્રેડીટ'નો અંદાઝ કાઢવામાં આવે છે.

માણસ પાસે થોડા વધારે પૈસા ભેગા થાય તો આજકાલ 'ફાઈનાન્સિયલ પ્લાનર'ની સલાહ લેવાનો શિરસ્તો છે. આ પ્લાનર તમારી પાસેના પૈસા અને તમારા જરૂરી ખર્ચાના સરવાળા-બાદબાકી કરીને તમારા પૈસાનું ક્યાં અને કેવી રીતે રોકાણ કરવું તે નક્કી કરશે કે જેથી તમને તમારા ખર્ચ પૂરતા પૈસા મળી રહે. અને પ્લાનરની ફી પણ તમે આપી શકો. આવા પ્લાનરનો ઉપયોગ નહિ કરવાને બદલે આપમેળે બધું કરનારને કાં તો તેના પૈસાનું ઓછું વળતર મળે છે અથવા તો પછી ખોટી જગ્યાએ પૈસા રોકીને મહામહેનતે બચાવેલી મૂડી ગુમાવે છે અને પાછલી જિંદગીમાં જ્યારે કમાવાની શક્તિ ઓછી હોય ત્યારે ખાલી ખિસ્સાએ પુત્ર-પુત્રીઓના, સગાંવ્હાલાંના કે પછી સમાજના અને સરકારના ઓશિયાળા બનીને બાકીની જિંદગી વિતાવવી પડે છે.

આમ આપણી આવકને કેમ ખર્ચવી તેનું આપણે પ્લાનીગ કરીએ છીએ, આપણને ન આવડતું હોય તો તેમાં મદદ કરવા પ્લાનર પણ મળી જાય છે. પણ આપણા કિંમતી સમયને કેમ વાપરવો તે માટે માણસો પાસે કાંઈ પ્લાનીગ નથી. જન્મથી મૃત્યુ વચ્ચેની પૈસાથી પણ વધુ અમૂલ્ય આ જિંદગીની બક્ષિસ આપણને ઈશ્વરે આપી છે તેને કેમ વિતાવવી, તેનો કેમ સદુપયોગ કરવો, તેને કેવી રીતે વાપરવી, વીતાવવી જેથી જિંદગીના અંત સમયે એક સફળ જિંદગી જીવ્યાનો આનંદ અને સંતોષ મનમાં રહે તે માટે માણસો કોઈ યોજના કરતા નથી, તેમને એ વિષેનું કોઈ ભણતર આપવામાં આવતું નથી, તેને માટેના કોઈ પ્લાન મળતા નથી.

બોધવાક્ય છે કે 'કેટલું જીવ્યા તેના કરતાં કેવું જીવ્યા તે વધુ અગત્યનું છે.' બધું માણસે આપમેળે જ કરવાનું હોય છે.

હા, તેમને ધર્મગુરૂઓ માર્ગદર્શન આપી શકે ખરા. જૂના કાળમાં એમ બનતું પણ ખરું. બાળકો અને યુવાનોને શિક્ષા મેળવવા માટે ધર્મગુરૂઓના આશ્રમમાં મૂકવામાં આવતા. તેઓ તેમને દરેક પ્રકારની વિદ્યા આપતા અને તેમને એક અચ્છા નાગરિક બનવાને સક્ષમ બનાવતા. પણ આજે તો થોડા વિષયોમાં ગોખેલું જ્ઞાન વાપરી પરીક્ષા પાસ કરો એટલે તમે આટલું ભણ્યા છો તેની ઉપાધી(ડીગ્રી) આપી દેવામાં આવે છે. પછી જિંદગીના સમરાંગણે માણસે ગોથાં ખાતાં રહેવાનું.

આજકાલના કહેવાતા ધર્મગુરૂઓ પાસેથી પણ એવી કોઈ વિદ્યા મળતી નથી. તેઓ તો બાળકોને મૂંડન કરાવીને પોતાના ચેલા બનાવી દેવા તત્પર હોય છે, યુવાનોને આજના સમયને અનુકૂળ માનવધર્મના સાચા માર્ગે ચાલવાનું માર્ગદર્શન આપવાને બદલે પુરાણકાળના જૂના જમાનામાં લખાયેલા નિયમો મુજબ તેમને બુઢાપાની દિક્ષા આપી દે છે. સ્વામી વિવેકાનંદે આજથી સો વર્ષ પહેલાં પણ યુવાનોને જગાડવાનો પ્રયત્ન કરેલો અને તેમને કહેલું કે ધર્મને એક સદાચરણના માર્ગ તરીકે સમજીને અપનાવવો પણ ધર્મના આડંબરોથી અલિપ્ત રહેવું.

જન્મથી મૃત્યુ સુધીની જિંદગીનો સમય તો મુઠીમાં ભરેલી રેતી જેવો છે. પળે પળે તે તમારા હાથમાંથી સરી જતી રહે છે, તમે તેમ થતાં રોકી શકો તેમ નથી. પણ તમે જો જિંદગીનું પ્લાનીગ કરો અને તમારા બાળકોને પણ તે જાતનું માર્ગદર્શન આપો તો તમે અને તમારા બાળકો પણ તેનો વધુમાં વધુ ફાયદો ઊઠાવી શકો છો. તમારે જિંદગીમાં શું કરવું છે, શું બનવું છે તેનો સ્પષ્ટપણે વિચાર કરી લો અને પછી તે માટે શું શું કરવું જરૂરી છે તેની નોંધ કરો. જ્ઞાન, વિદ્યા, એ સફળ જીવન માટે જરૂરી છે. જ્યાંથી પણ, જે રીતે પણ મળે ત્યાંથી ને તે રીતે જ્ઞાન, વિદ્યા મેળવવા. પણ ફક્ત જ્ઞાની બનવાથી કે વિદ્વાન બનવાથી કામ પાર પડતું નથી.

કદી વિચાર કર્યો છે કે વધુ વિદ્યાવાળા, મહાજ્ઞાની કે આજના જમાનામાં કહીએ તો મોટી ડીગ્રીવાળા લોકો ઓછું ભણેલા રાજા, સેઠ કે શાહુકારની નોકરી શું કામ કરતા હોય છે કે તેમની પાસે મદદની યાચના શા માટે કરતા હોય છે ? વિચાર કરશો તો સમજાશે કે જ્ઞાનનો ઉપયોગ કરવાનું જ્ઞાન હોવું પણ જરૂરી છે. મેળવેલી વિદ્યા કે ડીગ્રીનો કેમ ઉપયોગ કરવો એ પણ શીખવું બહુ જ અગત્યનું છે. એના વિના તમારું જ્ઞાન પુસ્તકાલયના કબાટોમાં પડેલાં થોથાંમાંના જ્ઞાન જેવું જ બીનઉપયોગી છે. યુનિવર્સિટીની ડીગ્રી મળી એટલે કોઈની નોકરી શોધવા સિવાય બીજો કોઈ વિચાર આવતો નથી !

હેનરી ફોર્ડ બહુ ભણેલા ન હતા તો પણ તેમણે અમેરિકાની ફોર્ડ કંપની જેવી મહાકાય કંપની સરજી જેના કારખાનામાં બનેલી મોટરકાર દુનિયાના ઘણા દેશોમાં લોકો ઉપયોગ કરતા થયા. એકવાર તેમને પૂછવામાં આવ્યું કે 'આટલા ઓછા જ્ઞાનથી આટલી મોટી પ્રાપ્તિ તમે કઈ રીતે કરી શક્યા ? મોટરકારનું કારખાનું ચલાવવા માટે અનેક પ્રકારના જ્ઞાનની જરૂર પડે જ્યારે તમને તો તેમાંનું કાંઈ જ આવડતું નથી.' જવાબમાં તેમણે કહેલું, 'આ બધા કામોના જાણકારને પારખવાનું જ્ઞાન મેં હાંસેલ કર્યું, પછીનું બીજું બધું કામ એ લોકોએ જ ઉપાડી લીધું !' ભારતના મીત્તલે અને અંબાણીએ ઓછા જ્ઞાનનો વધુ ઉપયોગ કરીને કેવી રીતે બધું હાંસલ કર્યું તે જાણવા જેવું છે.

કોઈપણ મહાન વ્યક્તિ, કોઈપણ સફળ ધંધાદાર, કલાકાર, સંગીતકાર, ચિત્રકાર, નેતા, ના જીવનનો અભ્યાસ કરશો તો જાણવા મળશે કે તેમણે સરી જતી જિંદગીના વહેણને કાબુમાં કેમ રાખવું તેનું જ્ઞાન હાંસલ કરેલું હોય છે. સતત કાર્યશીલતા, સજાગવૃત્તિ, નિષ્ઠા, કાર્યપરાયણતા, પરિશ્રમ, એકાગ્રતા, તેમણે કેળવ્યા હોય છે.

તમારે જિંદગીમાં કાંઈક મેળવવું હોય, કાંઈક બનવું હોય, તમારા બાળકોને સફળતાના માર્ગ પર ચાલતાં જોવા હોય તો આ સરી જતી જિંદગીના વહેણને કાબુમાં લેવાનું પ્લાનીગ કરો, તમારા બાળકોને પણ એવું પ્લાનીગ શીખવાડો.

Publication :MATRUBHASHA.(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહીં.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**Subscriptions:**

MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com. (Thanks to him)

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal payment but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ⌘ મીરાંની રીત ⌘
**સુન્દરમ્**

અમને તમારી સંગ
કાંઈ નહિ રીસ રાણા,
અમને અમારી એક રીત, એક પ્રીત, રાણા.
અમને તમારી. . .
અમને મીરાંને રાણા રાજ અને પાટ નહિ
અમારે ના હિંડોળાની ખાટ,
અમે રે ઝૂલતાં મારા હરિને હૈયે
અમને હરિની વ્હાલુડી એક વાટ, રાણા.
અમને તમારી. . .
અમે રે તમારી સંગ કરશુંય પ્રીત, રાણા
તમને જો હરિ સંગ પ્રીત,
અમે રે તમારી સંગ ગાઈશું નાચીશું,
તમે જો ગાઓ હરિનું ગીત રાણા.
અમને તમારી. . .
અમોયે તમારા પહેરું રતનના હાર, રાણા
તમે જો પહેરો અમારી તુલસીમાળ.
અમોયે તમારી ભોમે વસશું આવીને
આવો જો આમ અંતરિયાળ, રાણા
અમને તમારી. . .
અમોયે તમારે કાજ સેજને બિછાવું, રાણા
તમે જો આરોહો આ વિમાન,
મીરાંની મિરાત રાણા, તમને બધીયે દેશું,
તમને અમારું સદા અભેદાન, રાણા
અમને તમારી. . .

## ⌘ વસંતનું વરદાન ⌘
**લતા હિરાણી, અમદાવાદ**

પાનખરમાં પીળાં પાનને
લીલાં સપનાં જોવાની છૂટ છે.
એની પીળી નસોમાં
સોનેરી તડકો સચવાયેલો છે.
એની ચમકતી ત્વચામાં
કુમળી પાંદડીઓનો મીઠો સ્પર્શ
હજી ફોરી રહ્યો છે.
ડાળીએથી હજી એ ખર્યું નથી.
ઊંડે ઊંડે એનામાં
ભીનાશ વહ્યાં કરે છે.
એ પ્રતીક્ષા કરે છે
આકાશે ઊડતો કોઈ યક્ષ
કદાચ એને
વસંતનું વરદાન દઈ દે.

## ⌘ ફાગણિયો ⌘
**પ્રો. સુમન અમેરી, અમેરિકા**

ફાગુ ફોર્યો વાયરો કેવો પજવે મીઠલ માર ?
સખી, છલકતું થામું કેમે,
અંતર ઉઠિયા જ્વાર.
ઊડે રંગ ગુલાલ, છોરી ફાગણિયો
ખેંચે અપરંપાર, નાગર સાંવરિયો
મંદિર ઝબોળ્યા હોઠડિયા ને
નયણે સુરખી લાલમ લાલ
મદન ઉછળત તીરાં તમણાં
તનમન આરમપાર
ઉર પરવશ બાવરું, છોરી ફાગણિયો
નસનસ ગહેકે બહારુ, નાગર સાંવરિયો.
કેસૂડાં કંઈ લૂમઝૂમ લલકે
ધરી કસુંબલ બાન
સૂના ઉર કિનારા ધૂણવી
મચવે મીર તૂફાન
અંગ અંગ અનંગ ઉલાળ, ધોરી ફાગણિયો
હૈડે વશ ના લગાર, નાગર સાંવરિયો.
આંબે ધોળાં મોરનાં પંખી
કલરવ પ્રીતિ ઉફાન
ચહક ઊંડી ઉતરી એની પીગળાવે ઉર દ્વાર.
ફરકત મરકત રંગ ફુહાર, છોરી ફાગણિયો
પમરે અંગ ગુલાલ, નાગર સાંવરિયો.

## ⌘ સન્નાટો ⌘
**મહેશ દાવડકર, ગુજરાત**

કૈં જન્મોનો છે મારી ભીતર સન્નાટો
તું મારામાં મારી જો એકાદ આંટો
દુઃખ તો કોઈ ટપકતા નળ જેવું કાયમનું
એને ક્યાં ને કેવી રીતે મારું ડાટો ?
મારી અંગત પીડામાં કોને રસ પડશે
બૂમો પાડી પાડી બેસી જાશે ઘાંટો.
દોસ્ત, અહમ્‌નો કાંટો એમ તો નહિ નીકળે
હું ખુદ કાંટો થઈ કાઢીશ અહમ્‌નો કાંટો.
એક એક ક્ષણને તોડી સ્વાદ જરા ચાખીએ
કડવો છે કે ખારો, મીઠો છે કે ખાટો.
તાપી લો, સહેજ ગઝલનું સળગાવ્યું તાપણું
આ ઠુઠવાતા જીવનને મળશે ગરમાટો
ફૂલ શી યાદો ઓઢી સૂતો 'મહેશ'
એમ નહીં જાગે, એના પર ઝાકળ છાંટો.

## ⌘ કઠપૂતળી ⌘
**વિનય કવિ, યુકે**

યુગયુગથી હું બની રહી કઠપૂતળી
અહલ્યામાંથી શલ્યા કરી દીધી
અગ્નિજ્વાળાઓમાં જીવતી ધકેલી
ન ધરાયા તો વગડે તજી દીધી
જુગારમાં કોઈએ લગાવી દાવ પર
વળી ભૂલી ગયો કોઈ
ગાંધર્વલગ્નની પ્રિયાને

બનાવી દેવી બેસાડી દીધી ઊંચા આસને
કહી સતી પધરાવી પતિની ચિતામાં
બાંધી આદર્શોની દૃઢ શૃંખલાઓથી
કર્તવ્યની નરી ભરમાળી જાળથી
પતિવ્રત તણા ફક્ત એકપક્ષીપાશથી
ખૂબ નચાવી લીધી તેં દોરીસંચારથી

કિન્તુ હે સૂત્રધાર

જાગી છું આજ હું, પારખી છે નિજ શક્તિને
છોડી નાંખી છે તારી છળકપટની દોરીઓ
થઈ છું મુક્ત મનથી, તનથી અને વિચારથી
હવે નહીં નચાવી શકે તુંમને તાલ પર તારા
હવે નહીં ખેલી શકે ખેલ તું મનમાન્યાં
હવે લીધો છે દોર મેં મારા હાથમાં
હવેથી હું નચાવીશ તને
હવેથી હું રમાડીશ તને
હવે તો હું છું સૂત્રધાર
ને તું છે મારી કઠપૂતળી

## ⌘ વિદાય ⌘
**હરિહર ભટ્ટ**
**'એક જ દે ચિનગારી' માંથી**

વિદાય !
કટુ એ દિસે શકુન સર્વને, છતાં
'વિદાય'
સઘળા સમાગમ પછી કહેવું પડે!
ઊડે સમડી કો ઊંચે, ઝટ ધસે ભૂ પરે,
ગ્રહી કંઈક ચાંચમાં સડસડાટ ઊંચે ચડે
ક્વચિત્ હૃદયને ભાવ દિવ્ય સ્પર્શી જતા,
રહે હૃદય નાચતું તરલ સ્પર્શના તાલમાં.
મથ્યો કંઈ ઉતારવા અગમનૃત્ય શબ્દમાં,
પરંતુ અતિશે અયોગ્ય મુજશબ્દ ભાસ્યા
પૂર્યો તુજ હૃદે પણ તાલ એ તાલમાં,
ન હું વિફલ ગણું હૃદયનૃત્ય આ માહરું
મોહ નથી કાવ્યનો, માત્ર જીવી રહ્યો
તુજ મહાકાવ્યની એક આશે.

## ⌘ ક્યારેક ⌘
રાજેન્દ્ર શાહ

ક્યારેક મને આલિંગે છે
કુસુમ કેરી ગંધ
ક્યારેક મને સાદ કરે છે
કોકિલ મધુર કંઠ
નેણ તો ઘેલાં થાય નિહાળી
નિખિલના સહુ રંગ
મન મારું લઈ જાય ત્યાં જાવું
પ્રેમને સન્નિવેશે

## વસંતમાં પાનખર

ચીનુ મોદી, ગુજરાત

'જિંદગી ચીઝ તો અચ્છી હૈ, ગાલીબ
યહ બેમૌસમકી ચીઝ લગતી હૈ જવાનીમેં.'

'અંકલ, આ લોકો અમારા જીવનમાં વસંત આવતાં પહેલાં જ પાનખર લાવવા માંગે છે' આર્યને ગુસ્સાથી કહ્યું. તેની સામે રાજુભાઈ બેઠા હતા. રાજુભાઈ આર્યનના પિતાના મિત્ર હતા. એક યુવા ક્લબના પ્રમુખ રહી ચૂક્યા હતા. તેમની ઉંમર સાંઈઠની આસપાસની હતી પણ તેઓના વિચારોને લીધે યુવા ક્લબના આ યુવાન સભ્યોએ જ તેમને પ્રમુખ બનાવ્યા હતા અને પછીથી આજીવન સલાહકાર બનાવ્યા હતા. આર્યન અને તેના મિત્રો કેટલીય વાર તેમનો સમાજ પ્રત્યેનો આક્રોશ તેઓની પાસે ઠાલવતા. રાજુભાઈ તેમની વાતો ધ્યાનથી સાંભળતા, ચર્ચા કરતા અને મોટે ભાગે તેઓની સાથે તેઓ સહમત થતા. આજે પણ આર્યનની વાત - આક્રોશ, ગુસ્સાભર્યો સ્વર સાંભળીને તેઓને થયું કે વાત ગંભીર છે, અને લાંબી ચાલશે.

'પહેલાં આપણે ચા લઈએ.' રાજુભાઈ ઊભા થયા અને રસોડામાં જઈને બે કપ ચાનું કહી આવ્યા. 'આર્યન, આજે કોની સામે ગુસ્સો છે ?'

'અંકલ, 'સફર' ફિલ્મના એક ગીતની પંક્તિઓ સાંભળોઃ 'જાયેંગે ફિર કહાં, હૈ કિસે યે ખબર ? કોઈ સમજા નહિ, કોઈ જાના નહિ' આ પંક્તિ તમે સાંભળી છે ?

'હા'

'તો પછી આ કહેવાતા સાધુઓ, સ્વામીઓ, સંતો, સાધ્વીઓ અમને કેમ ખોટી વાતો કહે છે ? જે જીવનને તેમણે જોયું નથી, ક્યાંથી આવે છે, ક્યાં જાય છે, તેની તેમને ખબર નથી, અને છતાં અમને કહે છે કે સંસાર મીથ્યા છે, તેનો ત્યાગ કરવો જોઈએ, સુખ-વૈભવ ભોગવવા ન જોઈએ, જિંદગી ન માણવી જોઈએ'.

રાજુભાઈએ વાત સાંભળી અને સ્મિતસહ પૂછ્યું, 'તારી સાથે શું થયું ?' તેટલામાં ચા આવી અને બંનેએ શાંતિથી ચા પીધી. બંને ચૂપ હતા. આ દરમિયાન રાજુભાઈ આર્યનને જોઈ રહ્યા હતા. 'કેટલો માસૂમ તરવરતો ચહેરો હતો. વીસ વર્ષની યુવાની તેના દરેક અણુમાંથી બહાર નીકળવા ધસતી હતી અને તે તેને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરતો હતો.' આર્યન ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગના છેલ્લા વર્ષમાં હતો અને તે સાહસોનો શોખીન હતો.

'અંકલ, પંદર દિવસ પહેલાં મારે માઉન્ટ આબુ પર ટ્રેકિંગ પર જવું હતું. દોરડાથી શિખર પર ચઢવાનું પણ હતું. મારા પપ્પાએ કહ્યું કે તેમના ગુરૂ હરદ્વારથી આવ્યા છે. એ મહાજ્ઞાની છે અને સાત દિવસ શહેરમાં રહેવાના છે. એટલે મારે આબુ જવાનું કેન્સલ કરીને દરરોજ આ ગુરૂને સાંભળવા જવું. પહેલાં તો મેં ના પાડી, પણ પપ્પાએ બહુ જ આગ્રહ કર્યો અને પછી મેં પણ વિચાર કર્યો કે લાવ આ મહાત્માને પણ સાંભળી લઉં. અને સાત દિવસ સુધી દરરોજ ત્રણ કલાક મેં તેઓને સાંભળ્યા. અને અંકલ, હું નિરાશ થઈ ગયો. તેઓ ફક્ત સ્વર્ગ-નર્ક અને ત્યાગની વાતો કરતા હતા. મોહમાયા ત્યજીને આત્મકલ્યાણની જ વાતો કરતા હતા. તેઓએ ક્યારેય એમ કહ્યું ન હતું કે તમારે ભોમિયા વિના ડુંગરા ખૂંદવા જોઈએ કે માઉન્ટ એવરેસ્ટ પર જવું જોઈએ કે હિમાલયના નવા શિખરો શોધવા જોઈએ. તેમણે એ પણ નહોતું કહ્યું કે દરેક યુવાને લશ્કરમાં જઈને શિસ્ત અને દેશપ્રેમના પાઠ શીખવા જોઈએ. તેઓ તો કહે છે કે આની જરૂર જ નથી. જરૂર છે ફક્ત આત્માના કલ્યાણની અને ક્યો આત્મા કે જેને કોઈએ જોયો નથી, કદાપી જોવાના નથી કે સાબિત કરી શકવાના નથી. આવી આભાસી વાતો પાછળ તે યુવાનોને તેમની જિંદગી ખર્ચવાનું કહે છે. મુનીઓ પાંચ વર્ષના બાળકને દીક્ષા આપે છે. આ અધિકાર તેઓને કે તે બાળકોના માબાપોને કોણે આપ્યો છે ? તેઓને આમ કરવાનો હક શું છે ?'

આર્યન બોલતો જ ગયો અને રાજુભાઈ સાંભળતાજ ગયા. આર્યનની વાત સમજવા જેવી હતી. 'અને અંકલ, આપણા ધર્મમાં જ યુવાનોની સામે આવી વાત મૂકવામાં આવે છે. બીજા ધર્મો આવી વાત કરતા નથી. તેઓ આ ઉંમરે આવી વાત કરતા નથી.'

'આર્યન, તારી વાત સાચી છે, પણ..'

'ના અંકલ, આમાં કોઈ પણ નથી. આ તો સીધી વાત છે. મારે આવો ધર્મ નથી જોઈતો, જે યુવાનોને, યુવાનીનો અનુભવ થયા વગર, એને માણ્યા વગર, ત્યાગની વાત કરે, સન્યાસની વાત કરે. આપણો પ્રાચીન ધર્મમાં પણ ચાર આશ્રમ આપ્યા છે. શું થયું તે ચાર આશ્રમનું ? કેમ ગૃહસ્થાશ્રમ પહેલાં સન્યાસાશ્રમની વાત કરવામાં આવે છે ?'

રાજુભાઈ પાસે જવાબ નહોતો.

'અને એટલે જ કહું છું, અમારે વસંતને માણવી છે. પાનખર તો બધી ઋતુઓને અંતે આવે ને ?" આર્યન ઊભો થયો અને ઝડપથી બહાર નીકળી ગયો.

રાજુભાઈ બેસી રહ્યા. આર્યનની વાત સાચી હતી. આ યુવાનોને સાચી દિશા કોણ આપે ?

"એમ સ્વર્ગની ન લાલચ આપો શેખજી,
સ્વર્ગનો પણ એક મોભો હોય છે."

ॐ ૐ ॐ

## સપનાંનો સોદાગર

જયંતિ એમ. દલાલ, મુંબઈ

સપનાંનો સોદાગર, સર્વશ્રેષ્ઠી, મહત્ત્વાકાંક્ષી વિજય ચા પીતો હતો ત્યારે પત્ની સુષમા ગુસ્સામાં હતી. એના તરફ નજર કરતાં વિજય બોલ્યો, 'સુષુ, હીરેનનું ધ્યાન રાખજે. ફેમિલી ડોક્ટર શાહને ફોન કરી દીધો છે. એકાદ કલાકમાં આવી પહોંચશે.

'પણ આજે તમે પ્રોગ્રામમાં ના જાવ તો નહિ ચાલે ?'

'ના, એનું કારણ છે. મહિના અગાઉ મને પૂછીને અને મારી સંમતિથી જ સંસ્થાએ તેના ભંડોળનિધિનો આ કાર્યક્રમ રાખ્યો છે.'

'હીરેનનું શરીર ધગધગે છે. તમારે તમારા સમાજસેવાના કાર્યમાં રચ્યાપચ્યા રહેવું છે. પણ ઘરના સભ્યોની ચિંતા નથી.'

'એવું નથી, સુષમા. હીરેન મને પણ વ્હાલો છે. પણ તું એમ કેમ નથી વિચારતી કે આપણે પણ સમાજનું એક અંગ છીએ. ભગવાને સંપત્તિ આપી છે તો એને સન્માર્ગે ના વાપરીએ !'

'મને એની સામે જરાય વાંધો નથી.'

'તો વાંધો ક્યાં છે ?'

'પૈસો બેફામ ઉડાવો, એ માટે હું આજલગી હરફ સુદ્ધાં બોલી નથી. પૈસા થકી તમે ક્યારેય મને દુઃખી કરી હોય એવું પણ મેં જોયું નથી. પણ આપણા એકનાએક હીરેનને આજે આખી રાત બે જેટલો તાવ રહ્યો છે. એટલે જ મારે આટલી વાત કહેવી પડે છે.'

'ભગવાન પર આસ્થા રાખ. એ બધાની સંભાળ લેવાવાળો છે.'

'હું કેટલાય સમયથી જોઈ રહી છું. વારસાગત મિલકતના ઝઘડાને કારણે તમે છેલ્લા બે વર્ષથી કોર્ટના ચક્કરમાંથી બહાર આવતા નથી.'

'એ તો ચાલ્યા કરે. તું એ પણ જાણે છે, હું બહુ મન પર લેતો નથી. મિલકતના કેસમાં હવે તો મારી તરફેણમાં ચુકાદો આવી ગયો છે. હવે હું જિંદગીના અંત લગી સમાજ કલ્યાણના કાર્યો જ કરતો રહેવાનો.'

'હું એની ક્યાં ના પાડું છું ? પણ ઘરમાં અમારા બધાનું ધ્યાન રાખવાની તમારી ફરજ નથી ?'

'છે. શું હીરેન મારા માટે કાળજાનો ટૂકડો નથી ? પણ એ વાત સમજવાની કોશિષ કર કે દહાણુ રોડ પર આવેલી આ અપંગ બાળકોની સંસ્થાના સમારંભમાં હું નહિ જાઉં તો એ સંસ્થાને બહુ મોટું નુકસાન થશે. ફક્ત મારી હાજરીથી એમને દાતાઓ તરફથી લાખોનું દાન મળવાની શક્યતા છે.' સુષમા ચૂપ રહી. કાંડાઘડિયાળમાં જોતાં વિજય ચાનો કપ ટિપોય પર મૂકીને ઊભો થતાં બોલ્યો, 'સુષુ, તું હીરેનની જરાય ચિંતા ન કર. ઉપરવાળો સહુનું ધ્યાન રાખે જ છે. આઠ વાગ્યા. મારે હવે નીકળવું જોઈએ.

'જલદીથી ઘરે પાછા ફરજો.'

'સમારંભ પૂરો થતાં તુરત જ ઘરે આવી જઈશ અને પછી તારી સાથે જમીશ.' દસ વાગ્યે સમારંભ પૂરો થયો. વિજયભાઈને કારણે જ દસ લાખનું ભંડોળ ભેગું થયું હતું. સમારંભ પૂરો થયા બાદ બધાએ જમીને જવાનો અતિશય આગ્રહ કર્યો પણ વિજયે આજે ના પાડી અને તુરત જ ઘર તરફ જવા રવાના થયો. ડ્રાઈવરને ગાડી જરા ઝડપથી ચલાવવાની સૂચના આપી. તેનું મન અધીરું હતું, ઘેર પહોંચવા આતૂર હતું. મોબાઈલથી હીરેનના સમાચાર પૂછી લીધા. ડોક્ટર ઘેર આવી ગયા હતા અને હવે તાવ પણ ઉતરી ગયો હતો.

દહીસર આવતાં ગાડીની બ્રેક ફેલ થઈ. સામેથી ફૂલ સ્પીડમાં આવી રહેલી ટ્રક સાથે એમની ગાડી જોરથી અથડાઈ. મોટો ગંભીર અકસ્માત થઈ ગયો.

સુષમાએ જ્યારે સાંભળ્યું કે એનો પતિ વિજય હવે આ દુનિયામાં નથી રહ્યો ત્યારે એના હૈયાફાટ રૂદનથી ઘરની દિવાલો ખળભળી ઊઠી.



## નામનો મહિમા અને માહાત્મ્ય

ભાનુભાઈ ત્રિવેદી, અમેરિકા

સુવિદિત છે કે લૌકિક વ્યવહારમાં કોઈ પણ વ્યક્તિને બોલાવવા કે ઓળખવા માટે તેનું નામ પાડવામાં આવે છે. મહાન ગણાતા અંગ્રેજ નાટ્યકાર શેક્સપિયર તો એમ માનતા કે નામમાં કશું બળ્યું નથી. આ માન્યતા અનુસાર પશ્ચિમના દેશવાસીઓ તેઓના નામ ટૂંકાક્ષરી અને અર્થવિહોણાં રાખતાં હોય છે. એટલું જ નહિ પણ તેમના શબ્દકોશમાં ઝાઝા નામ નહિ હોય જેને કારણે તેમણે જ્હોન જુનિયર, એડવર્ડ એક થી સાતમો, જ્યોર્જ એક થી પાંચમો, લુઈ એક થી ચૌદમો, એમ ક્રમવાર નામો દોહરાવવાની જરૂર પડે છે. આમ તેમને નામનો વિશેષ મહિમા ન હોવાથી અર્થસભર અને રોચક નામો પાડવાની બાબતમાં તેઓ ઉદાસીન રહ્યા છે.

એનાથી વિપરિત, પૂર્વના દેશોમાં અને ખાસ કરી ભારતમાં નામનો મહિમા અને માહાત્મ્ય મોટા માનવામાં આવે છે. અનાદિકાળના સતયુગમાં ભગવાન રામચંદ્રે લંકાપ્રવેશ માટે સેતુ બાંધવા પોતે દરિયામાં પત્થર નાખ્યો તો તે ડૂબી ગયો. પણ જ્યારે વાનરરાજ હનુમાને 'જય શ્રી રામ' એમ કહીને પત્થર દરિયામાં ફેંક્યો તો તે તરવા લાગ્યો. પછી તો વાનરસેનાએ ઘણા પત્થરો રામનામ લઈને દરિયામાં ફેંકવા લાગ્યા અને સેતુ બંધાયો. આમ રામના નામથી પત્થર તરી ગયા.

(નોંધઃ વાસ્તવમાં આ 'સ્પોન્જ' નામના દરિયાઈ જીવોના મૃતદેહો છે જે આમ તો પત્થર જેવા દેખાય છે પણ પાણીમાં તરે છે. દક્ષિણ ભારતના દરિયામાં એ બહોળા પ્રમાણમાં થાય છે. -સંપાદક)

ધર્મરાજ યુધિષ્ઠિરે જિજ્ઞાસુભાવે જ્ઞાનવૃદ્ધ ભીષ્મ પિતામહને પૂછ્યું હતું કે આ જગતના બધા ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ ક્યો છે અને કોના નામનું સ્મરણ કરવાથી પ્રાણીમાત્ર જન્મમૃત્યુના સંસારચક્રમાંથી મુક્ત થઈ શકે છે ? આ પ્રશ્નના જવાબમાં ભીષ્મ પિતામહે જણાવ્યું હતું કે વિષ્ણુ ભગવાનના હજાર નામોનું મનઃપૂર્વક સ્મરણ કરવાથી જીવમાત્ર મુક્તિ પામે છે. એટલે જ રામ અને કૃષ્ણના અનેકવિધ નામોની આપણે ધૂન બોલીએ છીએ.

શાસ્ત્રોક્ત માન્યતા એવી છે કે મરણ સમયે ભગવાનનું નામ લેવાય તો તે મુક્તિ પામે છે. પણ જીવનભર એ અભ્યાસ કેળવાયો હોય તો જ જીવનની અંતિમ એ પળોમાં ભગવાનનું નામ બોલી શકાય. કળિયુગમાં તપ, ધ્યાન, ધારણા, કરવાનું ઘણું અઘરું છે. આદ્ય જગત્‌ગુરૂ શંકરાચાર્યે પણ કહ્યું હતું કે 'શ્રેયં ગીતાનામ સહસ્ત્રમ' અર્થાત્ 'ગીતા અને હરિના હજાર નામનું સ્મરણ કરવાથી શ્રેય થાય છે.'

જૈવિક વિજ્ઞાને પણ પૂરવાર કર્યું છે કે ભ્રમરીનું સતત સ્મરણ કરતાં ઈયળ મટી ખુદ ભ્રમરી બની જાય છે. નામનો ઉચ્ચાર કરવાથી નાદ ઉત્પન્ન થાય છે અને નાદ એટલે કે શાસ્ત્રિય સંગીત દ્વારા આકાર લેતા અવાજને બ્રહ્મનાદ કહેવાય છે. આમ નાદનો નાદ થતાં અંતરિક્ષમાં ધ્વનિનાં મોજાંઓ સંચાર થાય છે. એજ રીતે અર્થસભર નામ બોલવાથી મનોવૈજ્ઞાનિક અસર ઊભી થાય છે.

ભીષ્મ પિતામહ, કૃષ્ણ, દુર્યોધન, રાવણ, મીરાં, કબીર, ગાંધીજી, બિન લાદીન, વગેરે જેવી વ્યક્તિઓ તેમનાં સારાં ખરાબ કર્મો માટે નામના માધ્યમથી ઓળખાય છે. તેથી એવી કહેવત પ્રચલિત થઈ છે કે 'નાણા વિનાનો નાથિયો, નાણે નાથાલાલ' તથા 'નામ રહંત ઠકરાં, નાણાં નવ રહંત, કીર્તિ કેરાં કોટડાં, પાડયાં નવ પડંત.'

પોતાના નામની પ્રતિષ્ઠાની સ્થાપના કરનાર દરેક વ્યક્તિ કઠોર પરિશ્રમ કરે છે. એના પરિણામ સ્વરૂપ જે નિષ્પન્ન થાય છે તે થકી આ સંસાર ચાલે છે.

આમ, એકવીસમી સદીમાં નામનું મહત્વ સમજાતાં પાશ્ચત્ય અમેરિકન મહિલા સેનેટર હિલેરી ક્લિન્ટને પોતાના નામ સાથે પિતાનું નામ જોડીને હિલેરી રોધમ ક્લિન્ટન એવું નામ રાખેલું છે. એજ પ્રમાણે, જાણવા મુજબ, પ્રસિદ્ધ મહિલા સાહિત્યકાર કુન્દનિકા કાપડિયાએ શરૂઆતમાં પોતાના નામ સાથે પોતાના માતાપિતા બંનેનું નામ જોડેલું અને પાછળથી ફક્ત પિતાનું નામ રાખેલું છે.

હાલ નામ રાખવા બાબત એવી ક્રાન્તિ આવી ગઈ છે કે બાળકને જન્મ આપવામાં પ્રસવપીડા માતાએ વેઠી છે અને બાળકના ઉછેરમાં માતાનો પ્રેમ સર્વાધિક છે તેથી બાળકના નામ સાથે માતાનું નામ રાખવાની હિમાયત કરવામાં આવે છે. સદીઓથી સ્ત્રીએ પુત્રી, પત્ની અને માતા તરીકે ઘણું સહન કર્યું છે. તેનું ઘણું શોષણ થયું છે. તો હવે પછીની સદીમાં સ્ત્રીની પ્રતિષ્ઠા વધારવાથી સમાજ અને સંસારનું ભલું થશે તેમાં શંકા નથી. આવનાર સમય સ્ત્રીની સાચી કદર કરી શકશે.

ભારતીય સંસ્કૃતિ અનુસાર મોટા ભાગના ભારતીય બાળકના જન્મ પછી નામકરણનો શાસ્ત્રોક્ત સંસ્કારવિધિ કરતા હોય છે. પરંપરાગત બાળકનું નામ તેની ફોઈ પાડતી હોય છે. આમ છતાં, ભારતમાં પણ કેટલાક પશ્ચિમનું અનુકરણ કરનારાઓ, ફેશનના નામે, બાળકના નામ અર્થવિહોણા રાખે છે. પરદેશમાં વસેલા ભારતીયોમાંના ઘણાં પોતાના નામો, જેવાં કે રતિલાલ, પ્રદિપ, ભરત, જયના, કુંજુ, જેવા નામો બદલીને રોની, પીટર, બેની, જેની, કેથી જેવાં પાશ્ચાત્ય નામો અપનાવે છે અને પોતાને આધુનિક કહેવરાવે છે.

અર્થસભર નામ રાખવાથી વ્યક્તિની ખુમારી વધે છે, ચારિત્ર્ય નીખરે છે અને સમાજમાં મધુર નામનું માધુર્ય ફેલાય છે. એ નામથી બોલાવનારને પણ મનમાં એક જાતનો આનંદ, પ્રેમ કે માનની લાગણી થાય છે. આ હકીકત નજરે રાખી, ભારતીય સંસ્કૃતિ જળવાય તે માટે ભારતીય નામો જ પોતાના બાળકોને આપવાનો દરેક ભારતીયે આગ્રહ રાખવો જોઈએ. તેવાં આર્થસભર નામોના, તેની ઉત્પત્તિ અને અર્થની સમજણ સાથે, પુસ્તકો પણ હાલ મળે છે.

⌘ ⌘ ⌘

## રવીન્દ્ર ઠાકુરના પ્રેમકાવ્યો

(અનુસંધાન પાના ૫ પરથી)

કોઈ જાણશે નહિ કે કયે તોફાને પ્રાણનાં મોજાં પર મોજાં ઉછળી રહેશે. ચંદ્રની જેમ અલક્ષ આકર્ષણે ભરતીનાં મોજાં ઉછળાવીશ.

ખોલો ખોલો, દ્વાર ખોલો, હવે મને બહાર ઊભી રાખશો નહીં. મને ઉત્તર આપો, ઉત્તર આપો, આ તરફ જુઓ, બન્ને હાથ પ્રસારીને આવો. કામકાજ પૂરાં થઇ ગયાં છે, સાંજનો તારો ઉગી ચૂક્યો છે. અસ્ત સાગરની પાર પ્રકાશની હોડી ચાલી ગઈ છે.

ઝારી ભરી લઈને જલ આણ્યું છે ? પવિત્ર રેશમી વસ્ત્ર સજ્યું છે ? વેણી બાંધી છે ? ફૂલ ચૂંટ્યાં છે ? કળીઓની માળા ગૂંથી છે ?

ગાયો ગમાણમાં પાછી ફરી છે, પંખીઓ માળામાં આવી ગયાં છે. આખા જગતમાં જેટલા મારગ હતા તે બધા અંધકારમાં ખોવાઇ ગયા છે.

હું આકાશનું પંખી પકડાઇ ગયું છે. તારી આંખમાં નવા આકાશને મેં જોયું છે. આંખનાં બે પોપચામાં શું છુપાવી રાખ્યું છે ? હસતાં જ ઉષાનો આભાસ પ્રગટ થઇ જાય છે. આંખની કીકીમાં વાસ કરવા હૃદય ત્યાં એકલું ઊડવા ઇચ્છે છે, પેલા ગગન તરફ જોતાં સાદ ઊઠ્યો છે અને આ ગીત-ઉચ્છ્વાસ ત્યાં ખોવાઇ જવા ઇચ્છે છે.

મારી આંખો તારી આંખોની ગાઢ છાયામાં મનની વાતનાં ફૂલની કળીઓને શોધે છે. ત્યાં કોણ જાણે ક્યારે અગમ, ગોપન, ગહન માયામાં તે ભૂલી પડી.

આતુર નજરે તે નીરવે પૂછે છે, નિભૃત વાણીનો પત્તો લાગતો નથી. અજાણ્યાની વચ્ચે અબૂઝની પેઠે તે ફરે છે અને અશ્રુધારામાં ડૂબી જાય છે. મારા હૃદયમાં જે વાત છુપાયેલી છે તેના શબ્દો કોઇ વાર તારા હૃદયમાં છાયા પાડે છે ? મેં બારણે લાલ રેખથી પદ્માસન ચીતર્યું છે, તે તને કશું કહે છે ?

પ્રેમની ભરતી આપણ બન્નેને તાણી લઈ જશે - બંધન ખોલી નાંખ, ખોલી નાંખ. ચિંતા ભૂલી જઈશું, પાછળ જોઈશું નહીં, સઢ ચઢાવી દે, ચઢાવી દે. પ્રબળ તરંગો ઊછળ્યા, હૃદય ડોલી ઊઠ્યું, ડોલી ઊઠ્યું. હે પાગલ નાવિક, દિશાઓ ભુલાવી દે. સઢ ચઢાવી દે, સઢ ચઢાવી દે.

મેં તમારી સાથે સૂરનાં બંધનથી મારો પ્રાણ બાંધ્યો છે.

તમે જાણતા નથી કે હું તમને અજાણ્યે સાધને પામ્યો છું. એ સાધનામાં બકુલની ગંધ ભળી જાય છે. તમે જાણતા નથી કે રંગીન છાયાના આચ્છાદનથી તમારું નામ મેં ઢાંકી રાખ્યું છે.

⌘ ⌘ ⌘ ⌘ ⌘

પ્રેમ કુદરતની દેન છે. પ્રેમને ટાગોરે કુદરતમાં ઝબોળ્યો છે. એમનાં ઊર્મિ કાવ્યો આમ કુદરતી લાગે છે.

(સંકલન નોંધઃ 'ગીત-પંચશતી' પુસ્તક નવી દિલ્હીની સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરેલુ છે. આ લેખ આ પુસ્તકને આધારે તૈયાર થયો છે.)



## રવીન્દ્ર ઠાકુરનાં પ્રેમ કાવ્યો

સંકલનઃ પ્રવીણ પટેલ 'શશી' અમેરિકા

કેટલાક વર્ષો પૂર્વે હું મુંબઈમાં રહેતો હતો. ઠીક મારા મકાન સામે એક પસ્તીવાળાની દુકાન હતી. અવારનવાર ત્યાં હું જતો. જૂનાં થયેલાં સમાચારપત્રો આપું જેની અવેજીમાં પૈસાને બદલે ત્યાં પડેલામાંથી કંઈક કામનું લાગે તેવું વાંચવા લઈ આવું. એક વખતે મને ટાગોરના 'ગીતાંજલિ' કાવ્યોનો ગુજરાતી અનુવાદ મળેલો. સરસ મઝાનાં મન તૃપ્ત કરે એવાં આ કાવ્યો હતાં. એક મિત્ર આ લઈ ગયો, ત્યાંથી બીજે અને પછી આગળ, પુસ્તક પાછું જ ન આવ્યું!

થોડા સમય પહેલાં મારે ચન્દ્રકાન્ત દેસાઈને ત્યાં જવાનું થયેલું. ત્યાંથી મને રવીન્દ્રનાથ ઠાકુરનાં ગીતોના ગુજરાતી ભાવાનુવાદનું પુસ્તક 'ગીત-પંચશતી' પ્રાપ્ત થયું હતું. આમાં પાંચ વિભાગો પૈકીમાંનો એક 'પ્રેમ' છે જેમાં ૧૨૭ ગીતો છે. આ બધાનું ટાંકણ અશક્ય છે એટલે થોડાં રસ છાંટણાં જ અત્રે પસ્તૂત કરવાનો મેં ઉપક્રમ રાખ્યો છે. રસનાં કૂંડા ના હોય, એનાં તો ચટકાં જ હોય! બરાબર ને?

⌘ ⌘ ⌘ ⌘ ⌘

વારી જાઉં મને વાંસળીમાં કોણે બોલાવી ? ધાર્યું હતું કે ઘેર રહીશ ક્યાંય નહિ જાઉં. આ પેલી વાંસળી વાગી, બોલો શું કરું ?

સાંભળ્યું છે કે કોઈક કુંજવનમાં જમનાને તીરે સાંજને સમયે ધીર સમીરે વાંસળી વાગે છે. અરે, તમને જો ખબર હોય તો મને રસ્તો કહી દો.

તેના મુખનું હાસ્ય જોઈને તેને ફૂલની માળા પહેરાવી આવું. તેને કહી આવું 'તારી વાંસળી મારા પ્રાણમાં વાગી છે.'

ભમરો વારંવાર પાછો જાય છે, ભમરો વારંવાર પાછો આવે છે, ત્યારે તો ફૂલ ખીલે છે. કળી ફૂટવા ચાહે છે, ફૂટતી નથી, શરમથી મરે છે, ભયથી મરે છે.

માન-અપમાન ભૂલીને મન અને પ્રાણ અર્પણ કરો. રાતદિવસ પાસે રહો. અરે ઓ, આશા છોડો તો પણ આશા રાખતાં રહો, હૃદયરત્નની આશામાં. પાછા આવો, પાછા આવો, વનની આનંદમય પુષ્પસુગંધમાં. આજે વિરહની રાત, પ્રફૂલ્લ પુષ્પ શી શિશિરસલિલમાં તરી રહી છે.

મારા પ્રાણ જે ઈચ્છે છે તે જ તું છે, તું તે જ છે. તારા સિવાય આ જગતમાં મારું કોઈ નથી, કાંઈ નથી.

જો તને સુખ ન મળતું હોત તો જા, સુખની શોધમાં જા - હું તને હૃદયમાં પામી છું, હવે મારે કશું જોઈતું નથી.

હું તારા વિરહમાં વિલીન થઈ જઈશ, તારામાં જ વાસ કરીશ, - લાંબાલાંબા દિવસો, રાત્રિઓ, માસો અને વર્ષો સુધી.

જો તું બીજાને કોઈને ચાહે , જો હવે પાછો ન આવે, તો તને જે જોઈએ છે તે તને મળો, ભલે હું ગમે તેટલું દુઃખ પામું.

જગતમાં પ્રેમની જાળ બિછાવેલી છે. કોણ ક્યાં પકડાઈ જાય છે તે કોણ જાણે ? હાય, બધો ગર્વ કોણ જાણે ક્યારે તૂટી જાય છે, ક્યારે આંખમાંથી આંસુ વહી જાય છે! આ સુખભરી ધરતીમાંથી ફક્ત લેવાનું જ તું ઈચ્છે છે. એ નથી જાણતો કે પોતાની જાતને આપવી પડશે. વાંસળી બજે છે, ગર્વ વહી જાય છે, પ્રાણ બંધનમાં આવી પડે છે!

પથિક વેશે સુખભરી રાત આવીને હસતી કહે છે, "વિલીન થઈ જાઉં" જાગતા રહો, વર્ષોની ઈચ્છા પલકારામાં અલોપ થઈ જાય છે.

આવા દિવસે, આવી ઘનઘોર વર્ષામાં તેને કહી શકાય. વાદળ ઝરમર વરસતાં હોય ત્યારે સૂર્ય વગરના ગાઢ અંધકારમાં મન ખોલી શકાય.

સમાજ સંસાર બધું મિથ્યા છે, આ જીવનનો કોલાહલ મિથ્યા છે. ફક્ત આંખ વડે આંખની સુધાનું પાન કરવાનું, હૃદય વડે હૃદય અનુભવવાનું - બીજું બધું તો અંધારામાં ભળી ગયું છે. જો હું મારા મનનો ભાર ઉતારી શકતો હોઉં તો એમાં જગતને શું નુકસાન છે? શ્રાવણના વરસતા વરસાદમાં એક વખતે ઘરના ખૂણામાં જો હું તેને બે વાત કરું, તેમાં કોને શું નુકસાન થવાનું છે?

આજે વાયુ વ્યાકુળ વેગથી વાય છે, વીજળી રહી રહીને ચમકે છે. જે વાત આ જીવનમાં મનમાં જ રહી ગઈ છે તે જો આજે આવી ઘનઘોર વર્ષામાં કહી શકાય તો સારું.

મારા મન સાથે, હે પ્રાણપ્રિય, તારે કઈ રમત કરવી છે ? આ મન તણાઈ આવીને કિનારા ઉપર તારે ચરણે વળગ્યું છે, ઉપાડી જો.

એ કંઈ ઘાસ નથી, તણાઈ આવેલાં ફૂલફળ નથી, એ તો વ્યથાભર્યું મન છે, એટલું યાદ રાખજે.

કોઈને ખબર નથી એ શા માટે આવે છે ને શા માટે જાય છે. કોણ શાના આકર્ષણથી કોની પાસે આવે છે.

જો તું પ્રેમપૂર્વક એને રાખશે તો એ પ્રાણ પામશે, જો ફેંકી દેશે તો શું એ જીવશે ?

તને જોઈને અત્યંત આશ્ચર્ય થાય છે. તું ક્યાંથી આવ્યો? એ મુખ, એ હાસ્ય - શા માટે તને આટલો ચાહું છું ? શા માટે ચૂપ-ચાપ આંસુઓની ધારામાં વહું છું ? તને જોઈને જાણે યાદ આવે છે કે તું ચિરજીવનમાં ચિરપુરાતન છે. તું આવીને ઊભો નથી રહેતો ત્યારે હૃદયમાં વાંસળી વાગતી નથી. બધો પ્રકાશ, બધું હાસ્ય, અંધકારમાં ડૂબી જાય છે.

આહા, રાત જાગી જાગીને પૂરી થઈ. હે સુંદરી, તારી આંખો થાકી ગઈ છે. ઝાંખો દીવો પ્રભાતના વાયુથી હાલ્યા કરે છે. ફિક્કો ચંદ્ર અસ્તાચળે ગયો છે. આંસુ લૂછી નાખ, ચાલ સખી, શરીરે નીલાંબર લપેટીને ચાલ. જો, શરદનું પ્રભાત નિરામય અને નિર્મળ છે, શાંત સમીરમાં કોમળ પરિમલ છે. નિર્જન વનભૂમિ ઝાકળથી ખૂબ શીતળ છે. તરુલતા પુલકથી આકુલ છે. હે બાળા, કરમાયેલી માળાને વિરહશયન ઉપર ફેંકી દઈને નવભુવનમાં આવ. અંચલમાં પારિજાતનાં તાજાં ફૂલ અને અલકમાં નવી પુષ્પમંજરી ગૂંથી લે.

તીવ્ર વેદનાની જેમ તું મારા પ્રાણમાં બજી રહ્યો છે. મન મનોમન શું કરે છે તે મન જ જાણે છે. નિશદિન તને હૃદયમાં રાખી રહ્યો છું. આંખ ભરીને તારા મુખ તરફ જોયા કરું છું. તારે માટે મોટી આશા, ખૂબ તૃષ્ણા અને ભારે કામના છે. ખૂબ સુખ, દુઃખ અને અનુરાગથી જાગતો રહ્યો છું. જે થવાનું હતું તે આ જન્મભર માટે થઈ ગયું છે. મરણના ખેંચાણથી મન અને પ્રાણ તણાઈ ગયાં છે.

મધુર રવ કરતા ઝાંઝરનો રૂમઝૂમ રૂમઝૂમ અવાજ કરતી તે ધીરે ધીરે આવે છે અને શરમાઈને પાછી જાય છે. ખીલેલી કદબકુંજમાં નિબીડ તિમિર પુંજમાં ઉન્મત પવનથી કેશરૂપી ફૂલની સુગંધ હૃદયરૂપી મંદિરમાં આવે છે. શંકિત ચિત્ત અત્યંત કંપે છે, ચંચલ અંચલ ઊડે છે. તૃણવીથિ પુષ્પિત છે, વનગીતિ ઝંકૃત છે. કોમલ પદપલ્લવથી ચુંબિત ધરતીમાં, નિકુંજ કુટિરમાં તે આવે છે.

તું સંધ્યાની મેઘમાલા છે. તું મારી હોંશની સાધના છે, હે મારા શૂન્યગગનની વિહારિણી !

મેં મારા મનની માધુરી ઘૂંટીને તારી રચના કરી છે, તું મારી જ છે, તું મારી જ છે, હે મારા સીમાહીન ગગનની વિહારિણી !

મારા હ્યદયના રક્તના રંગે મેં તારા ચરણ રંગ્યા છે, હે સંધ્યાસ્વપ્ન વિહારિણી !

મારાં સુખ-દુઃખને ભાંગીવાટી સુધા અને વિષને મિલાવી તારા અધરને મેં ચીતર્યા છે. તું મારી જ છે, તું મારી જ છે, હે મારા વિજન જીવનની વિહારિણી !

મારા મોહનાં સ્વપ્નાંનું અંજન મેં તારા નયનોમાં આંજી દીધું છે, હે મુગ્ધ નયન વિહારિણી !

મારા યૌવનની કુંજમાં પંખી ગાય છે. આંખ ખોલીને જાગ, અનુરાગ-અલસ આંખે જાગ - સખી, જાગ, જાગ.

આજે આ ચંચલ મધરાતે, ફાગણના ગુણગાનથી, ઓ પ્રથમ પ્રણયથી બીધેલી, જાગ. મારા નંદનવનમાં કોકિલ વારંવાર પુકારી ઉઠે છે - સખી, જાગ, જાગ.

નવીન ગૌરવથી, નવ બકુલના સૌરભથી, મૃદુ મલયાનિલના વીજનથી, એકાંત નિર્જનમાં જાગ. આજે આકુલ ફૂલના શણગાર સાથે, મૃદુ કંપિત લજ્જા સાથે મારા હૃદયશયનમાં જાગ. મારા અંતરમાં રહી રહીને મધુર મુરલી વાગે છે - સખી, જાગ, જાગ.

રાત્રિ પૂરી થાય તે પહેલાં, હે પ્રિયે, તારા અગ્નિ દ્વારા મારો જીવનદીપ પેટાવતી જા. તું કોણ જાણે ક્યારે સામેના પથ પરથી દીપ-શિખા લઈને જઈશ, તેથી હું તારી રાહ જોઈ રહ્યો છું.

રૂપથી હું તમને નહિ ભોળવું, પ્રેમથી ભોળવીશ. હાથથી હું બારણું નહિ ખોલું. ભલા, ગાનથી ખોલાવીશ. ભૂષણોના ભારથી તમને ભરીશ નહિ, ફૂલોના હારથી તમને સજાવીશ નહિ, મારા પ્રેમની માળા કરીને તમારે ગળે ઝુલાવીશ.

(અનુસંધાન પાના ૪ પર)

**ખ્વાબ ઉપેન્દ્ર ગોર યુકે**

રાત્રિનો અંધકાર પ્રતિક્ષણે વધુ ને વધુ પ્રગાઢ બનતો જતો હતો. આકાશમાં સર્વત્ર વાદળાં ઘેરાયાં હતાં. કાળા નિભિડ વાદળો ને નિઃસીમ અંધકાર ! આસપાસની નીરવ શાંતિ જાણે માનવહૈયાની હૂંફને હરી લેતી હોય તેમ પ્રસરેલી હતી. પ્રકૃતિનું ચેતન હણાઈ ગયું હોય તેમ લાગતું હતું પણ એ નીરવતાને પડકાર ફેંકતો, પડછંદ કાયા ધરાવતો, યુવાની વટાવીને દૂર જતો એક માનવી, વૃક્ષને અઢેલીને બેઠો હતો. તેના દેહ પર એક ટૂંકી સુરવાલી(સ્વાહીલી-ચડી) હતી. તેની પાસે એક સૂકી ડાળી પડી પડી બળતી હતી. બાજુમાં એક ઝાંખું ફાનસ ટાંગેલું હતું અને એ આ અંધકારની સામે બાથ ભીડવા વ્યર્થ પ્રયાસ કરતું હતું.

તેણે સળગતી ડાળી ઉપરની રાખને ખંખેરી. નીરવ વાતાવરણમાં અગ્નિની નાનીશી તેજશિખાઓ પ્રસરી રહી. થોડી વાર પછી તેણે ઝાંપા તરફ નજર કરી. ત્યાં દૂર આવેલી વૃક્ષઘટા નિઃસ્તબ્ધ ઊભી હતી. લાકડાના કારખાનાના હિન્દી કામદારોનાં મકાનોની રાતની રખેવાળી કરનાર એ અશ્કરી(પહેરેગીર, રખેવાળ) હતો. વૃક્ષઘટાની પેલે પાર આફ્રિકન પગાજીઓ(મજૂરો)ને રહેવા માટેની લાન્ડી(શેરી) હતી.

આકાશમાં ગડગડાટ શરૂ થયો એ સાથે જ લાન્ડીઓમાંથી મસ્ત બનેલા પગાજીઓએ આનંદના હોકાર શરૂ કર્યા. ધીમે ધીમે એ વધવા લાગ્યા. એના રાગો વૃક્ષની ઘટામાં પથરાઈને વહી જતા હતા. એક પળે એને પણ લાગ્યું, 'હું પણ ત્યાં જઈ એ આનંદ કેમ ન લૂટું ?'

પણ, અત્યારે એ ફરજ પર હતો. છતાં એની નજર ઝાંપા પર ગઈ ને મન લાન્ડી પર જઈને બેઠું. એ વિચારે ચડયો ! એની દૃષ્ટિ સમક્ષ આ પગાજીઓ સાથેનો પૂર્વસંબંધ તરવરી રહ્યો. આજે તો એ આ બધાનો માનીતો બન્યો હતો, પણ ત્યારે તો........

એણે વર્ષો પહેલાં અહીં પગ મૂક્યો ત્યારે તો યૌવનમાં નિશ્ચલ ડગ માંડતો કિશોર હતો. એના અહીંના આગમન પાછળ તો એક આગવી કથા હતી. એ એના જીવનનો ઉષ:કાળ હતો. ઉલ્લાસથી સભર એવો તનમનાટવાળો એ કાળ ! પણ જાણે સમયના આગમનથી સાવ અજ્ઞાત હતો.

હા, ક્યારેક એના દિલમાં કંઈક અણજાણ તનમનાટ થતો અને ત્યારે દૂર દૂર આવેલી ટેકરીઓ પર કશાય હેતુ વગર એકલોઅટૂલો ઘુમ્યા કરતો. ક્યારેક અબ્ધિ અને આભને સાંધતી પેલી ક્ષિતિજરેખા તરફ જવા તત્પર બની જતો.

આવા જ એક સમયે એ એક સ્થળે, એક વૃક્ષ નીચે સૂતો હતો. સતત ચાલવાથી થાકી ગયો હતો. ને થોડા જ સમયમાં એ ઘસઘસાટ ઊંઘી ગયો, જાણે ધરતીએ એને પોતાની ગોદમાં ઢબૂરી દીધો. ને જાગ્યો ત્યારે, એણે ચારેક હિન્દીઓને પોતાની પાસે ઊભેલા જોયા. તેઓએ એને કાંઈક પૂછ્યું, પણ એ ન સમજી શક્યો. નિર્દોષ બાળક સમો એ સ્તબ્ધ બની ગયો. થોડીવારે તેમાનાં એક પ્રૌઢ લાગતા માણસે ભાંગીતૂટી સ્વાહીલી ભાષામાં કંઈક સમજાવ્યું ને એ ઊઠ્યો, 'તમારે ગુલુ(યુગાન્ડાની ઉત્તરે આવેલ એક ગામ) જવું છે ને ? આ એ રસ્તો નથી. ચાલો તમને બતાવું.'

ને તેમની કારમાં બેસી ખરા રસ્તા સુધી તેમને પહોંચાડી દીધા. તે કારમાંથી નીચે ઊતર્યો ને તેણે તેમને વિદાયસૂચક સલામ કરી. અચાનક જ તેના મુખમાંથી પ્રશ્ન સરી પડયો, 'તમે બધા ક્યાંથી આવો છો ?'

'બુસોગાથી(મધ્ય યુગાન્ડાનો જિલ્લો), ઘણે દૂરથી.'

'મને ત્યાં ન લઈ જાઓ ?'

'કેમ, તને અહીં નથી ગમતું ?'

'ના, મારી સંભાળ રાખનાર અહીં કોઈ નથી. વળી નવું નવું જોવા મળશે.'

એ માણસોએ એને સાથે લીધો. તેઓનો આશય તો જુદો જ હતો. અજાણ્યા મુલકમાં, અહીંના વતની વગર ફરવામાં રહેલું જોખમ તેમણે ખૂબ અનુભવ્યું હતું. પણ પછી તો એ આ માણસોના જીવનમાં કોઈ અનેરી રીતે સરકી ગયો તેની તેને ખબર જ પડી નહીં. અહીં આવ્યા બાદ તેણે તેના જીવનમાં પ્રથમ વાર જ સાચી પ્રસન્નતા અનુભવી. તેનું શરીર પુલકિત બન્યું. અહીં એને અશ્કરી પદ મળ્યું. અને ત્યારનો તો તે, અગમ્ય નીરવતા વહી જતી રાત્રિને, મટકું માર્યા વગર નિહાળ્યા કરતો. બાર વાગ્યા સુધી તો ક્યારેક એ કારાખાનાના ચોગાનમાં બેસતો ત્યારે દિવસભરના અથાગ પરિશ્રમને અંતે ભજનોની ધૂન મચાવતા હિન્દી કારીગરોને જોયા કરતો. તેઓના સ્વરોમાંથી ઉદ્ભવતા તાનમાં જાણે એની સમગ્ર સૃષ્ટિ તલ્લીન બની જતી. ને એ ભાષાથી અજ્ઞાત રખેવાળ પણ કોઈ અજબ જાદુની અસર નીચે તન્મય બનીને પેલા ભજનોની રંગતમાં ડૂબેલા કામદારો તરફ તાકી જ રહેતો !

તેના આગમનથી કેટલાક પગાજીઓને માઠું લાગ્યું હતું. તેઓના ક્ષેત્રમાં પ્રવેશી તેઓના હક પર પાટુ મારનાર આ નવતર આદમી તરફ તેઓ ગુસ્સે થયા હતા. વળી અલ્પ સમયમાં, હિન્દી કામદારોમાં પોતાની કુનેહથી ભળી જઈ સર્વેનો એ માનીતો થઈ પડયો હતો. તેઓ તેની સામે ઉશ્કેરાયા હતા.

અત્યારેય તેની દૃષ્ટિ સમક્ષ પેલો આખો પ્રસંગ ત્રાટક માંડી રહ્યો. રાત્રિની ફરજ પૂરી કરી એ પોતાને ઘેર જતો હતો. રસ્તામાં થોડીવાર મ્વાન્ગાની(આફ્રિકન માણસનું નામ) દુકાન આગળ થંભ્યો. ત્યાં ટોળે વળેલા કેટલાક જુવાનોએ એને પડકાર્યો, 'કેમ, ઘર તરફ ઉપડયો કે શું ?'

'હા' એણે એમના તરફ દૃષ્ટિ કરી કહ્યું.

'હં..હં..' પેલો અર્થસૂચક હાસ્ય કરતો તેની પાસે સરક્યો. એ સાથે આખું ટોળું ખી..ખી.. કરતું હસિ પડયું. એને કાંઈ સમજાયું નહીં.

'આજની રાત જરા સંભાળજે.' પાસે આવતાં પેલા યુવાને કહ્યું.

'કેમ ?' અજ્ઞાનમાં એણે પૂછ્યું.

પણ એનો જવાબ આપવા તેઓ નવરા જ ક્યાં હતા ? એકાદ અટ્ટહાસ્ય ફેંકીને તેઓ વેરાઈ ગયા. વાતનો તંતુ ન પકડાયો. પણ રાતના જરૂર કંઈક અજુગતું થશે એના ભણકારા એને સંભળાયા. હા, આવી ધમકીઓ તો એને આ પહેલાં પણ મળી હતી. એ માનવીઓની પાશવી વૃત્તિઓનો વધુ પરચો જોવા મળશે એમ વિચારી ઘર તરફ વળ્યો.

રાત્રિ વિકરાળ હતી. ગગનમાં તોફાની વાદળો ગડગડાટ કરી રહ્યાં હતાં. આજે બેઠો હતો ત્યાં જ એ દિવસેય તાપણી કરી તાપતો હતો. તેની નજર વારે વારે ઝાંપા તરફ પડતી હતી. પેલી લાન્ડીઓમાં હોકારા થતા હતા. પણ આજના હોકારાઓમાં કંઈક આનંદ હતો. ત્યારે એ હોકારાઓમાં તેમની પાશવી વૃત્તિઓ સંતોષાયાનો આનંદ હતો.

આજની માફક તે દિવસના પડકારામાં પણ તેને રસ ન હતો. તેનું હૃદય ત્યારે બેચેન હતું. થોડીવાર પહેલાં જ મકાનોની આસપાસ એક આંટો માર્યો હોવા છતાં એ ઊઠ્યો. તેણે હાથમાં પાંગો(નાનું ધારિયું) લઈને આગળ ડગ ભર્યા. થોડીવારમાં જ પાછો આવ્યો. થોડી હિલચાલને અંતે નીરવતા છવાઈ ગઈ. પણ તેના હૃદયની ધડકન ઓછી થઈ નહોતી. વદન પરથી એક ધ્રૂજારી પસાર થઈ ગઈ.

થોડીવારે એ હોકારા નજીક આવતા સંભળાયા ને એ ઝાંપા આગળ જઈ જોઈ આવ્યો. ને પછી એ વૃક્ષની નજીક બેઠો. પણ ત્યાં તો. . .

પંદરવીસ આફ્રિકનોનું ટોળું ઝાંપા આગળ આવીને ઊભું. એ હોકારા સાંભળી કારખાનાના હિન્દી મેનેજરે બહાર આવી તેને પૂછ્યું, 'કોણ છે ? શું મામલો છે ?'

'સાહેબ, તમે ચિંતા ના કરશો. એ તો દારૂડિયા છે.' ને એ ઝાંપા તરફ વળ્યો. 'શું કામ છે ?' તેણે ટોળા તરફ જોઈને પૂછ્યું.

જવાબમાં ટોળામાંથી અવાજ આવ્યો, 'સાહેબને કહે કે અમને લારી આપે. અમારે બહાર જવું છે.'

'સાહેબના લાલા ! ચાલ્યા જાઓ અહીંથી.' પણ એ વીફરેલું ટોળું અત્યારે કશું સાંભળવા તૈયાર નહોતું. 'અલ્યા, શું જોઈ રહ્યા છો ? તોડી નાંખો આ દરવાજાને.' અવાજમાં ભારોભાર ભીષણતા હતી.

એ પણ જોર પર આવી ગયો. જ્યાં ટોળાએ અંદર પ્રવેશ કર્યો ત્યાં એણે એકદમ પાંગો વીંઝ્યો. સામે પક્ષે થતા એકાદબે ઘાને ચૂકવ્યા બાદ એ પણ જીવ ઉપર આવી ગયો. ને એક સફળ યોદ્ધાની અદાથી એણે સામનો કરવા માંડયો. આ ઝઘડામાં જાણે વધુ શૂરાતન પૂરાવતા હોય તેમ વાદળાં આકાશમાં ગડગડી ઊઠયાં. ને સાથે જોરદાર વરસાદ પડવો શરૂ થઈ ગયો.

મેનેજર પણ બારીમાંથી આ પ્રસંગને જોઈ ન રહેતાં બંદૂકમાંથી એક ધડાકો કર્યો, ને આખું ટોળું કિકિયારી કરતું વિખરાઈ ગયું. અશ્કરી આથી એક આછી રાહત અનુભવે ત્યાં તો એક પાંગો તેના ખંભાને ઘસીને ચાલ્યો ગયો અને ખભામાંથી લોહીની ધારા છૂટી. તેનામાં રહેલું આફ્રિકન ઝનૂન સહેજ ભભૂકી ઊઠ્યું. પણ તેના મુખમાં એક સિસકારો નીકળી પડયો ને એ ત્યાં ઢળી પડયો.

યુવાનીને વટાવતો આજે એ વૃદ્ધાવસ્થામાં સ્થિર ગતિ કરી રહ્યો હતો ત્યારેય એ જ સ્થળે બેઠા બેઠા વખતના તોફાનને વાગોળતો હતો. . .

વાદળાના ગડગડાટની સાથે વરસાદ વરસવા લાગ્યો. એ ઊઠ્યો ને પેલી બળતી ડાળી પર એક નાનું પતરું ઢાંકી, વૃક્ષને અઢેલીને કરેલી એક નાની છાપરીમાં ભરાયો. અને ત્યાંથી કુદરતની લીલા નીહાળી રહ્યો.

આજે તો એ વિચારે જ ચડયો હતો. સ્મૃતિઓની વણથંભી વણઝાર એના માનસપટ પર ચાલી જ જતી હતી. તે રાત્રિએ પણ પ્રકૃતિએ આવું જ તાંડવનૃત્ય આરંભ્યું હતું. આકાશની ઘેરી ગાજવીજથી સમગ્ર સૃષ્ટિ ગાજતી હતી. આજની માફક એ આમ જ ઠૂઠવાઈને બેઠો હતો.

ત્યાં. . .એને કાને મોટી ચીસો સંભળાઈ. ભયંકર તાંડવમાં બહાર નીકળવાનું મન ન હતું. પણ આખરે તેનામાં એક નવી ચેતના પ્રગટી હોય તેમ તે ઊઠયો. ઝડપથી દોટ કાઢી , ઝાંપો ખોલી, અવાજની દિશામાં આગળ વધ્યો.

આકાશનો સમગ્ર ગુંબજ, વાદળાંની ગાજવીજથી ગુંજી ઊઠયો હતો. આભમાંથી મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. છતાં ય એ આગળ ને આગળ ધપતો રહ્યો. જેમ જેમ એ આગળ જતો ગયો તેમ તેમ સ્ત્રી અને બાળકોની ચીસો નજીક આવતી ગઈ.

આખરે એ એક ઝૂંપડી આગળ આવી પહોંચ્યો. વીજચમકારમાં એણે તૂટી ગયેલી ઝૂંપડી નીહાળી. બાળકોની તીણી રુદનભરી ચીસોથી એનું હૃદય હલી ઊઠયું. અચાનક એની નજર એ ઝૂંપડીની તૂટી ગયેલી બારી નજીક ઊભેલી વ્યક્તિ પર પડી. ને. .ને. .એ થંભી ગયો. .સ્તબ્ધ બની ગયો. . .એ એજ વ્યક્તિ હતી જેણે તેને પોતાને તે દિવસે પાંગો માર્યો હતો.

એકાદ પળ એ ખમચ્યો. .પણ. .પણ. .અંતરમાંથી ઊભરાતાં સંવેદનો એને જગાડી રહ્યાં, 'ભલા, માનવી માનવીને વીસરી જશે તો પશુઓનો તોટો જ ક્યાં છે ?' એનામાં કોઈ અજબ ચેતના પ્રગટી. જાણે કોઈ દૈવી શક્તિ એને સ્પર્શી ન ગઈ હોય !

તેણે આસપાસ નજર કરી. એક તરફ પેલી વ્યક્તિ ઊભી હતી તો બીજી બાજુ ઊડી ગયેલી છાપરીની બાજુમાં એની સ્ત્રી ઊભી હતી. ત્યાં સ્ત્રીને વીંટળાઈને ત્રણ બાળકો ઊભાં હતાં ! થોડે દૂર કાદવમાં રગદોળાતું એક નાનકડું શીશુ એણે ભાળ્યું. એ દોડયો અને એકદમ પેલા બાળકને ઊપાડી લીધું. પોતાનું સાટી(ખમીસ) કાઢી એના શરીર ઉપર ઢાંકી દીધું. પછી આંખને ઈશારે પેલા બંને માનવીઓને પોતાની પાછળ આવવા કહ્યું. તે સર્વની આંખમાં નવીન ચમક ચમકી રહી.

પોતાની હંમેશની જગ્યા પર આવી તેણે પોતાની છાપરીમાં આશ્રિતજનોને બેસાડયાં. પતરાથી ઢાંકેલી બળતી ડાળી અંદર લાવી તેમની સમક્ષ મૂકી. પછી એ બહાર ચોગાનમાં આવેલા વૃક્ષને અઢેલીને બેઠો.

વળી એક નવીન દૃશ્ય અંકિત થયું. ત્યાં આફ્રિકનોનું ટોળું ઊભું હતું. તેઓની નજર પડી ગયેલી ઝૂંપડીની પાસે સતત મહેનત કરતા બે માણસો તરફ હતી. ઝૂંપડીને પુનઃ ઊભી કરવા તેઓ એકધારું કામ કરતા હતા. બંને દુશ્મનોને એકસાથે કામ કરતા નિહાળીને ટોળું વિસ્મિત બની ગયું. આ સ્વપ્ન નહોતું, સત્ય ઘટના હતી. હંમેશનો ઉપેક્ષિત માણસ જ એને સાથ આપતો હતો. ટોળાના અસ્તિત્વની કોઈ અસર એ બંનેની ઉપર થતી નહોતી. તેઓ અવિરતપણે પોતાનું કામ કરતા રહ્યા.

આખરે કોણ જાણે કેમ, ટોળામાંથી એક પછી એક માણસ આવીને તેઓના કામમાં સાથ આપવા લાગ્યો. અને પછી તો આફ્રિકન સ્વભાવ મુજબ સમુહગીતોની રમઝટ ચાલી. તેઓનો ઉત્સાહ અજબ હતો.

થોડીવાર પહેલાં જ વરસી ગયેલી વર્ષાને અંતે ધરતીમાંથી ઊઠતી સૌરભ જેવી જ કોઈ અણજાણ પરિમલ પ્રસરી રહી ! મઘમઘી રહી ! એ તો હતી અગમ્યતામાંથી વહેતી આવતી માનવહૈયાની પરિમલ ! ધરતીમાતા અંધકારનો અંચળો ઓઢી લે એ પહેલાં તો સૌના સહકારથી તૈયાર થઈ ગયેલી ઝૂંપડી ઉપર મકાઈના ઘાસની બિછાત પથરાઈ ગઈ.

તે રાત્રે એ લોકોએ મહેફીલ માણી ત્યારેય અશ્કરી આ વૃક્ષને અઢેલીને બેઠો હતો. બળતી ડાળીની આસપાસ પેલું આફ્રિકન ટોળું ગોળ નૃત્ય કરતું હતું. જાણે અભિન્ન સ્નેહનું નૃત્ય, હૂંફભરી માનવતાનું નૃત્ય ! આનંદિત બનેલા માનવોના ગળામાંથી ગીતોના સ્વર સરતા હતા. માનવહૈયાની આંતરિક વાત ગીત બનીને વહેતી હતી ! ત્યાં પેલી બારીમાંથી આ અનુપમ દૃશ્યને મેનેજર નીરખતો હતો. તેને હૈયે તૃપ્તિ છવાઈ ! એના હૃદયમાં પ્રશ્ન ઊઠયો, 'માનવતા આટલી ચંચળ, અસ્થિર હોતી હશે ?' આનંદિત હૈયે માનવતાની એ અનેરી મહેફિલ નિહાળતો મેનેજર ક્યાંય સુધી બેસી રહ્યો.

અત્યારે ય વહી જતી રાત્રિના પાછલા પ્રહોરે, વીતેલી જિંદગીના દિલચસ્પ ખ્વાબને નિહાળતો અશ્કરી તો એ જ વૃક્ષને અઢેલીને બેઠો હતો. બાજુમાં પેલું ઝાંખું ફાનસ અંધકારની સામે બાથ ભીડવા વ્યર્થ પ્રયાસ કરતું હતું !

**સુદૃઢ બનો, સમૃદ્ધ બનો** **(અનુસંધાન પાના ૮ પરથી)**

સામર્થ્ય મેળવવાનું પહેલું પગથિયું છે ઉપનિષદોને અપનાવવાનું. તમે માનવા લાગો કે 'હું આત્મા છું, મને તલવાર કાપી શકે નહીં, કોઈ હથિયાર છેદી શકે નહીં, અગ્નિ બાળી શકે નહીં, વરસાદ ભીંજવી શકે નહીં, પવન ઉડાવી શકે નહીં, હું સર્વશક્તિમાન છું, હું સર્વજ્ઞ છું' આ પરમ પવિત્ર, ઉદ્ધારક શબ્દોનું તમે પારાયણ કરો, પુનરાવર્તન કરો. એમ ન બોલો કે અમે નબળા છીએ, કહો કે અમે શક્તિમાન છીએ, બધું કરી શકીએ છીએ ! આપણે શું ન કરી શકીએ ? આપણાથી બધું જ થઈ શકે. આપણા સૌમાં એક જ મહિમાવાન આત્મા છે. આપણે તેમાં શ્રદ્ધા રાખવી જોઈએ. નચિકેતાની પેઠે શ્રદ્ધા રાખો. તેના પિતાના યજ્ઞ સમયે નચિકેતામાં શ્રદ્ધા જન્મી, અરે હું તો એવું ઈચ્છું છું કે એવી શ્રદ્ધા તમારા દરેકમાં જાગે. તમારામાંનો એકેએક જણ મહાન વ્યક્તિ રૂપે તૈયાર થાય, આખી દુનિયાને હચમચાવી મૂકે એવો જબરજસ્ત બુદ્ધિવાળો થાય, સર્વ રીતે એક અનંત ઈશ્વર થઈને ઊભો રહે ! તમે આવા થાઓ એમ હું ઈચ્છું છું. ઉપનિષદો તમને આ તાકાત આપે છે, તમને આ શ્રદ્ધા આપે છે.

આ ઉપનિષદો શું સન્યાસીઓ માટે જ હતા ? એ એક રહસ્ય છે. ઉપનિષદો સન્યાસીના હાથમાં હતાં અને એ હતા અરણ્યવાસી ! શંકરાચાર્ય જરા ઉદાર થયા અને કહ્યું કે ગૃહસ્થો પણ ઉપનિષદોનો અભ્યાસ ભલે કરે, એથી એમનું મંગળ થશે, એમને કશું નુકસાન નહિ થાય. પણ હજીએ ખ્યાલ તો એવો છે કે ઉપનિષદોમાં માત્ર સન્યાસીના અરણ્યવાસની જ વાતો આવે છે. વેદો ઉપર જો કોઈ એક માત્ર પ્રમાણભૂત ભાષ્ય લખાયું હોય તો જેણે વેદોને પ્રેરણા આપી હતી એ કેવળ કૃષ્ણે ગાયેલી ગીતા છે. એ દરેક વર્ણની દરેક વ્યક્તિ માટે છે. આ બધા વેદાંતના વિચારો બહાર આવવા જ જોઈએ. એ કેવળ અરણ્યમાં કે ગુફામાં જ પડયા રહેવા ન જોઈએ. એ બહાર ન્યાયાલયમાં આવવા જોઈએ, વ્યાસપીઠ પર આવવા જોઈએ, ગરીબની ઝૂંપડીમાં તેમજ માછલી પકડતા માછીમારની પાસે અને અભ્યાસ કરતા વિદ્યાર્થીની પાસે પણ એ પહોંચવા જોઈએ. એ વ્યક્તિ ગમે તે ધંધાની હોય, ગમે તે જગાએ હોય, પણ એ વિચારો આબાલવૃદ્ધ દરેકને, દરેકેદરેક સ્ત્રી અને પુરુષને ઉદ્બોધે છે. અને તેમાં બ્હીવાનું શું છે ? અરે એનો પણ માર્ગ બતાવાયો છે. એ અનંત છે, ધર્મ અનંત છે, કોઈ એનો પાર પામી શકે નહીં. જે કાંઈ તમે સાચા દિલથી કરશો તે તમારે માટે હિતકર છે. નાનામાં નાનું કામ પણ જો યથાર્થ રીતે કરવામાં આવ્યું હોય તો હેરતભર્યા પરિણામો લાવી શકે છે. એટલા માટે સૌ કોઈ પોતાથી બને તેટલું યથાર્થ રીતે કરે. જો માછીમાર માને કે પોતે 'આત્મા' છે તો એ વધુ સારો માછીમાર થશે. જો વિદ્યાર્થી માનશે કે પોતે 'આત્મા' છે તો એ વધુ સારો વિદ્યાર્થી થશે. જો વકીલ માનશે કે પોતે 'આત્મા' છે તો એ વધુ સારો વકીલ થશે, એમ બધી બાબતોમાં સમજવાનું છે.

આમ થાય તો પરિણામ એ આવશે કે વર્ણવ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થા ટકી રહેશે. સમાજના સ્વભાવમાં જ છે કે પોતે સમૂહોમાં વહેંચાઈ જાય. માત્ર આ વિશેષાધીકારો ચાલ્યા જશે. જ્ઞાતિ એ કુદરતી વ્યવસ્થા છે. સામાજિક જીવનમાં મારાથી અમુક ફરજ બજાવી શકાય, તમારાથી બીજી. તમે દેશનું રાજ ચલાવી શકો અને હું જોડા બનાવી શકું. પણ એથી કાંઈ તમે મારાથી મોટા બની જતા નથી. તમને મારી પેઠે જોડા સીવતાં ક્યાં આવડે છે ? અને મને રાજ ચલાવતા નથી આવડતું. હું જોડા સીવવામાં પારંગત છું, તમે વેદોની પારાયણ કરવામાં પારંગત છો. પણ એ કાંઈ એવું કારણ નથી કે તમે મારા માથા પર ચડી બેસો ! શા માટે વ્યક્તિ કોઈનું ખૂન કરી નાખે તો પણ તેની વાહવાહ બોલાય અને બીજી વ્યક્તિ એકાદ સફરજન ચોરે તોપણ એને ફાંસીએ ચઢાવાય ? આવો ભેદ જવો જ જોઈએ. જ્ઞાતિ સારી છે, જીવનની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો એ એક જ કુદરતી માર્ગ છે. મનુષ્યોએ સમૂહમાં વહેંચાઈ જ જવું જોઈએ. તમે તે ટાળી શકવાના નથી. તમે ગમે ત્યાં જાઓ. આ જ્ઞાતિ તો હોવાની જ. પણ એનો અર્થ એ માટે ખાસ હકો હોવા જોઈએ એ નથી. એમનાં તો માથાં જ ભાંગી નાખવા જોઈએ. માછીમારને જો તમે વેદાંત સમજાવશો તો એ બોલી ઉઠવાનો કે 'હું તમારા જેવો જ સારો માણસ છું. હું માછીમાર છું, તમે ફિલસૂફ છો. પરંતુ તમારામાં જે ઈશ્વર છે તે જ મારામાં પણ વસે છે.' અને આપણે એ જ ઈચ્છીએ છીએ. કોઈને માટે વિશેષાધિકાર ન હોય, સૌને સમાન હક હોય, સમાન મોભો હોય. માટે સૌને શીખવો કે દિવ્ય આત્મા દરેકની અંદર રહેલો છે, અને દરેકે પોતાની મુક્તિનો માર્ગ મેળવી લેવાનો છે.



## સુદૃઢ બનો, સમૃદ્ધ બનો

### સ્વામી વિવેકાનંદ

### (ભારતમાં આપેલાં ભાષણોમાંથી)

**અહીં** આપણે ભારતમાં શાની જરૂર છે ? પરદેશીઓને જે બાબતની જરૂર છે એ જ આપણને અનેકગણી છે. કારણ કે ઉપષિદોની મહત્તા છતાં, આપણે ઋષિઓના વંશજ હોવાની બડાઈ મારતાં હોવા છતાં, બીજી ઘણી પ્રજાઓની સરખામણીમાં આપણે દુર્બળ છીએ, અતિ દુર્બળ છીએ. એક તૃતીયાંશ દુઃખોનું મૂળ આપણી શારીરિક નબળાઈ છે. આપણે આળસુ છીએ, આપણે કામ કરી શકતા નથી, આપણને દિવસે પણ સૂવા જોઈએ છે ! આપણે સંગઠ્ઠન સાધી શકતા નથી, આપણને એકબીજા પ્રત્યે પ્રેમ નથી, આપણે અતિ સ્વાર્થી છીએ. આપણામાં ત્રણ જણા જરા પણ એકબીજાનો દ્વેષ કર્યા વિના કે એકબીજાને ધિક્કાર્યા વિના ભેગા થઈ શકતા નથી. આવી આપણી દશા છે. એક અવ્યવસ્થિત ટોળાં જેવાં, અત્યંત સ્વાર્થી. કપાળ પર અમુક તિલક આવી રીતે તાણવું કે કેવી રીતે તાણવું એના માટે સદીઓ સુધી એકબીજાની સાથે ઝઘડનારા, અને કોઈ મનુષ્યની દૃષ્ટિ પડવાથી આહાર દુષિત થાય કે નહિ એવા પ્રશ્નોને અતિ મહત્ત્વના ગણીને તેના પર ગ્રંથોના ગ્રંથો લખનારા આપણે છીએ ! છેલ્લાં કેટલાએક સૈકાઓથી આપણે આમ જ કરતા આવ્યા છીએ. જે પ્રજાની તમામ બુદ્ધિશક્તિ આવા વેવલા, વાહિયાત પ્રશ્નો અને શોધખોળોમાં રોકાયેલી હોય એની પાસેથી કોઈ મહત્ત્વની વસ્તુની શી રીતે આપણે અપેક્ષા રાખી શકીએ ? શું આપણને આની શરમ નથી આવતી ? હા, ક્યારેક આવે છે ખરી. પરન્તુ ભલે આપણે આ બાબતને હવે ક્ષુલ્લક ગણતા હોઈએ તો પણ આપણે તેમને છોડી શકતા નથી. પોપટની પેઠે આપણે ઘણી બાબતો મોંએથી બોલી જઈએ છીએ, પણ કરતા કંઈ જ નથી. બોલબોલ કરવું પણ કામ ન કરવું, એ જાણે કે આપણો સ્વભાવ બની ગયો છે. એનું કારણ શું ? શારીરિક નબળાઈ ! નબળા શરીરનું નબળું મગજ કાંઈ પણ કામ કરવાને શક્તિમાન નથી થતું. આપણે તેને મજબૂત બનાવવું જોઈએ. સૌથી પહેલાં આપણા નવયુવકો તાકાતવાળા બનવા જોઈએ. ધર્મ તો પાછળથી આવશે. પણ મારા યુવક મિત્રો, સુદૃઢ બનો, મારી તમને એ સલાહ છે. ગીતાના અભ્યાસ કરતાં ફૂટબોલ રમવાથી સ્વર્ગની વધુ નજીક જશો. આ શબ્દો આકરા છે પણ મારે તમને એ સંભળાવવા પડે છે, કારણ કે હું તમને ચાહું છું. પગરખું ક્યાં ડંખે છે એ મને ખબર છે. મેં થોડોએક અનુભવ લીધો છે. તમારાં બાવડાં અને સ્નાયુઓ જરા વધુ મજબૂત હશે તો તમે ગીતા વધુ સારી રીતે સમજી શકશો. તમારામાં જરા તાકાતવાળું લોહી હશે તો શ્રીકૃષ્ણની શક્તિશાળી પ્રતિભા અને મહાન સામર્થ્ય વધુ સારી રીતે સમજી શકશો. જ્યારે તમારું શરીર તમારા પગ ઉપર ટટ્ટાર ઊભું રહેશે અને તમને લાગશે કે તમે માણસ છો, ત્યારે ઉપનિષદો અને આત્માનો મહિમા વધુ સારી રીતે સમજશો. આપણી જરૂરિયાતોનો વિચાર કરી આપણે કામે લાગવાનું છે.

ઘણીવાર લોકો મારા અદ્વૈતવાદના પ્રચારથી કંટાળી જાય છે. મારો વિચાર દુનિયામાં અદ્વૈતવાદ કે દ્વૈતવાદ કે અન્ય કોઈ વાદનો પ્રચાર કરવાનો નથી. આજે આપણે માટે જે એક વાદની જરૂર છે તે આ આત્માની અદ્‌ભુત ભાવનાની, તેની શાશ્વત શક્તિની, તેના શાશ્વત સામર્થ્યની, તેની શાશ્વત પવિત્રતાની અને તેની શાશ્વત પૂર્ણતાની છે. જો મારે એક બાળક હોત તો જન્મથી જ હું તેને કહેવા લાગત કે 'તું શુદ્ધ છે'. આપણા એક પુરાણમાં રાણી મદાલસાની એક સુંદર કથા છે. તેમાં રાણી મદાલસાને પોતાને બાળક જન્મતાં જ એણે એને પોતાના હાથે પારણામાં સુવડાવ્યું અને હાલરડું ગાવા લાગી, 'તું શુદ્ધ છો, તું પવિત્ર છો, તું નિરંજન છો, તું જ્ઞાનમય છો, તું શક્તિમાન છો.' આ વાતમાં ઘણું તથ્ય સમાયેલું છે. તમે મહાન છો એવી જ ભાવના કરવા લાગો તો તમે જરૂર મહાન બનશો. તમે શક્તિમાન છો એવી ભાવના કરો તો તમે જરૂર શક્તિમાન બનશો. આખી દુનિયા ફરીને મેં શો અનુભવ મેળવ્યો એ વિચારવા જેવું છે. એ લોકો પોતે પતિત હોવાની વાતો મોઢેથી ભલે કરે, પણ જો બધા અંગ્રેજો ખરેખર એમ માનતા હોત તો તેઓ મધ્ય આફ્રિકાના નિગ્રો કરતાંએ જરા પણ સારા ન હોત. એ લોકો એવું નથી માનતા એ એમનું સદ્‌ભાગ્ય છે. ઉલટાનું દરેક અંગ્રેજ એમ માને છે કે પોતે આખી દુનિયાના બાદશાહ તરીકે જન્મ્યો છે. તે માને છે કે પોતે મહાન છે અને દુનિયામાં ગમે તે કરી શકવાની તાકાત ધરાવે છે. જો સૂર્ય કે ચંદ્ર પકડવાની મરજી થાય તો એ પણ એ કરી શકશે એમ એ મક્કમપુર્વક માને છે. આવા પ્રકારની ભાવના જ તેને મહાન બનાવે છે. જો તેણે પોતાના ધર્મગુરૂઓનું કહ્યું માન્યું હોત કે પોતે કંગાલ, દુઃખી, પાપી છે અને અનંતકાળ સુધી નરકની યાતનામાં સબડયા કરવાનો છે, તો એ આજે જેવો છે તેવો મહાન અંગ્રેજ કદી ન બન્યો હોત !

હું એ પ્રજામાં જોઉં છું કે ધર્મગુરૂઓ અને વહેમો હોવા છતાં અંદરની દિવ્યતા જાગૃત છે અને પોતાનો પ્રભાવ દાખવે છે. આપણે શ્રદ્ધા ખોઈ બેઠા છીએ. મારું તમે માનશો ? એક અંગ્રેજ સ્ત્રી કે પુરુષ કરતાં આપણામાં ઘણી ઓછી શ્રદ્ધા છે, હજારગણી ઓછી છે. આ નગ્ન સત્ય છે અને મારે તમને કહેવું પડે છે. શું તમને એનું જ્ઞાન નથી ? એ લોકોના કરતાં તો તમે વધુ જાણો છો, તમે તો જોઈએ એ કરતાં વધુ ડાહ્યા છો, એવો તમારો દાવો છે. પણ ત્યાં જ તમારી મુશકેલી છે ! કારણ એ કે તમારું લોહી લોહી નથી પણ કેવળ પાણી છે. તમારાં મગજોમાં નર્યો કાદવ ભર્યો છે. તમારાં શરીરો સાવ મુડદાલ છે. તમારે એ શરીરને બદલી નાખવું જોઈએ. શારીરિક દુર્બળતા જ એનું કારણ છે, બીજું કાંઈ નહીં. છેલ્લા સો વર્ષોથી સુધારાની, આદર્શોની અને એવી ઘણી બાબતોની તમે વાતો કરતા આવ્યા છો, પણ જ્યારે પ્રત્યક્ષ કામ કરી બતાવવાનો વખત આવે છે ત્યારે તમારો ક્યાંય પત્તો લાગતો જ નથી. પરિણામે આખી દુનિયાને તમારા પ્રત્યે તુચ્છ ભાવ આવી ગયો છે. સુધારાનું નામ પણ હાંસીને પાત્ર થઈ પડયું છે. એનું કારણ શું ? તમે એ કંઈ નથી જાણતા ? તમે બહુ સારી રીતે જાણો છો. એનું એક જ કારણ છે કે તમે દુર્બળ છો, દુર્બળ છો અને દુર્બળ છો જ ! તમારું શરીર દુર્બળ છે, તમારું મન દુર્બળ છે, તમને તમારી જાતમાં શ્રદ્ધા નથી.

મારા બંધુઓ ! સૈકાઓ થયાં, હજારો વર્ષો થયાં, ચાલ્યા આવતા જ્ઞાતિઓના, રાજાઓના, પરદેશીઓના અને તમારા પોતાના લોકોના કચડી નાખે એવા જુલમે તમારી શક્તિ શોષી લીધી છે. એણે તમારો મેરુદંડ ભાંગી નાખ્યો છે. તમે જાણે છુંદાયેલા અળશિયા જેવા થઈ ગયા છો. તમારામાં શક્તિ કોણ લાવશે ? હું કહું છું કે આપણે જોઈશે સામર્થ્ય, બસ સામર્થ્ય. અને

(અનુસંધાન પાના ૭ પર)

## मेघदूतम्

(संपादकः डो.गौतम पटेल)

उत्पश्यामि त्वयि तटगते स्निग्धभिन्नान्जनाभे
सदयःकृत्तद्विरददशनङ्छेदगौरस्य तस्य ।
शोभामद्रेः स्तिनितनयनप्रेक्षणीयां भवित्री
मंसन्यस्ते सति हलभृतो मेचके वाससीव ॥६१॥
हित्वा तस्मिन्भुजगवलयं शम्भुनादत्तहस्ता
क्रीडाशैले यदि च विचरेत्पादचारणे गौरी ।
भन्गीभक्त्या विरचितवपुः स्तम्भितान्तर्जलौघः
सोपानत्वं व्रज मणितटारोहणायाग्रयायी ॥६२॥ फेब्रुआरी ०८

## મેઘદૂત

(સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

હું કલ્પું છું, તટપર વસે શામળો મેશ જેવો
તાજા વ્હેર્યા ગજદશનશા ગૌર એ પર્વતે તું,
ત્યારે તેની સ્થિર નયનથી ઝાંખવા યોગ્ય થાશે
શોભા, સ્કંધે, હલધર સમી, શ્યામ બે વસ્ત્રધારી. (૬૧)
સર્પો કેરું વલય તજતા શંભુનો હાથ પામી
ક્રીડાશૈલે ચરણ ધરતી હોય જો પાર્વતી ત્યાં,
ભાતો દ્વારા નિજ તનુ રચી, વારીનો ઓઘ રોકી,
અગ્રે જઈને મણિતટ વિશે પાદસોપાન થાજે. (૬૨) ફેબ્રુઆરી ૦૮

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

## Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

You, resembling fine crushed and glossy collyrium, shall rest on its slopes, I think, the beauty of that mountain like a piece of freshcut elephant's tusk, will be worthy to be gazed at with steadfastness like Balarama with the two dark garments placed on his shoulders. (61)
If on that pleasure mountain, Gauri, given hand by Lord Shiv, casting off his serpant brqacelet, move about on foot, go ahead of her and be a flight of steps by dividing yourself into various forms and holding back your flow of water to enable them to climb its jewelled slopes. (62)Febru 08
(To be continued: Two verses will be published in every issue.)